માર્ગ અને મકાન વિભાગ હેઠળ ચાલતા
મકાનો/પુલોના/ રસ્તાના કામોમાં રેડી મીક્ષ
કોંક્રિટ (RMC) ના ઉપયોગ બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૨/૭૫૧/સી-૧
૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૭/૨૦૨૩

સંદર્ભ: માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક: એસઓઆર/૨૦૧૩/૧૭૧/સી-૧,
તા.૧૫/૦૭/૨૦૧૩

પરિપત્ર ::

માર્ગ તથા પુલોના કામમાં કોંક્રિટ કામમાં RMC (રેડી મીક્ષ કોંક્રિટ) નો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં રેડી મીક્ષ કોંક્રિટ વર્કસાઇટ ઉપર અથવા વર્કસાઇટની નજીક આવેલ થર્ડ પાર્ટીના કોંક્રિટ બેચ મીક્ષ પ્લાન્ટમાં તૈયાર કરી સાઇટ પર લાવી In-situ કોંક્રિટ કરવામાં આવે છે. સંદર્ભિત પત્રથી એસ.ઓ.આર. વર્ષ ૨૦૧૩-૧૪ થી રેડી મીક્ષ કોંક્રિટ (આર.એમ.સી.) ને નવી આઇટમ તરીકે લેવામાં આવેલ છે.

અનુભવે જણાયેલ છે કે જે કામમાં વર્ક સાઇટથી દુર રહેલ પ્લાન્ટથી RMC (રેડી મીક્ષ કોંક્રિટ) લાવવામાં આવે છે તેના ઘટકોની ગુણવત્તા બાબતે સીધી દેખરેખ રાખી શકાતી નથી તથા નબળી ગુણવત્તાના કોંક્રિટનો વપરાશ થવાની શકયતાઓ રહેલ છે. જેને લીધે મકાન/પુલના સૌથી અગત્યતા ધરાવતા સ્ટ્રકચરલ મેમ્બરની સ્ટ્રેન્થ જરૂરીયાત મુજબની નહીં મળવાની શકયતા રહે છે. ઉકત પ્રકારની ઘટનાઓ ન બને તે માટે વર્કસાઇટથી દુર આવેલ પ્લાન્ટથી સાઇટ પર લાવવામાં આવતા RMC (રેડી મીક્ષ કોંક્રિટ) ના વપરાશ માટે નિયમો બનાવવા જરૂરી બનેલ છે.

સરકારશ્રી કક્ષાએથી પુખ્ત વિચાણાના અંતે, રેડી મીક્ષ કોંક્રિટના ઉપયોગ બાબતે નીચે જણાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રૂ.૫ કરોડથી ઓછી અંદાજિત રકમના કામના નકશા અંદાજમાં RMC (રેડી મીક્ષ કોંક્રિટ) ની આઇટમ ન લેતા, કંટ્રોલ કોંક્રિટની આઇટમ જ લેવી.

(૨) રૂ.૫ કરોડથી વધારે અંદાજિત રકમના કામોમાં ઇજારદારશ્રી દ્વારા માત્ર સાઇટ ઉપર ઉભા કરેલ બેચ મીક્ષ પ્લાન્ટમાં તૈયાર થતા કોંક્રિટનો ઉપયોગ કરી શકે તેવી જોગવાઇ ટેન્ડરમાં કરવી, તેમજ આ માટે અલગથી કોઇ ચુકવણું કરવામાં આવશે નહી તેવી શરત પણ રાખવી.

(૩) ડામર બેચ મીક્ષ પ્લાન્ટની માફક કોંક્રિટ બેચ મીક્ષ પ્લાન્ટ માટે ઇજારદારે યાંત્રિક વિભાગનું પ્રમાણપત્ર મેળવવાનું ફરજિયાત કરવું. આ બાબતે યાંત્રિક વિભાગે જરૂરી કાર્યવાહી નક્કી કરવાની રહેશે.

(૪) ખાસ કિસ્સામાં રૂ.૫.૦૦ કરોડથી વધારે અંદાજિત રકમના કામો માટે સાઇટ ઉપર ફકત જગ્યાના અભાવે પ્લાન્ટ ઉભો થઇ શકે તેમ ન હોય તો, અન્ય જગ્યાએ પ્લાન્ટ ઉભો કરવાનો રહેશે તેમજ તેવા કામો માટે સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રીની પૂર્વ મંજૂરી મેળવી ઇજારદારે સાઇટથી નજીકમાં નજીક પોતાનો બેચ મીક્ષ પ્લાન્ટ ઉભો કરી માત્ર તેમા તૈયાર કરવામાં આવેલ રેડી મીક્ષ કોંક્રિટનો જ ઉપયોગ કરી શકશે તેવી જોગવાઇ ટેન્ડરમાં કરવાની રહેશે આ માટે અલગથી કોઇ ચુકવણું કરવામાં આવશે નહી, તેવી શરત પણ ટેન્ડરમાં રાખવાની રહેશે.

(૫) ક્ષેત્રિય નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી/ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા સદર પ્લાન્ટની વખતો-વખત સ્થળ મુલાકાત લઇ પ્લાન્ટમાં તૈયાર થઇને કામના સ્થળ પર વપરાતા RMC અંગે ટેન્ડરની શરતો તથા વખતો-વખત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ/જોગવાઇઓનું પાલન થાય છે કે નહી તેની ચકાસણી કરવાની રહેશે.

(૬) બેચ મીક્ષ પ્લાન્ટ પર સેકશન અધિકારીએ નિયમિત ગેટપાસ ઇસ્યુ કરવાના રહેશે. તથા સિમેન્ટ,કપચી, રેતી, ગ્રીટ, પાણી વગેરેના ઉપયોગના સરકારશ્રી દ્વારા વખતો-વખત થયેલ ઠરાવો અને આપેલ સૂચના અનુસાર નિયત કરેલા પરિક્ષણો કરવાના રહેશે તથા પરિક્ષણના રેકર્ડ/રજિસ્ટર નિભાવવાના રહેશે.

(૭) ગેટપાસમાં કોંક્રિટનો સેટીંગ ટાઇમ દર્શાવવાનો રહેશે, તેમજ નિર્ધારિત સમય પહેલા કોંક્રિટનો વપરાશ થઇ જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૮) IS 456 (2000) Reaffirmed 2021 : Plain and Reinforced concrete code of practice, IS 5892 (2004) : Concrete Transit Mixers Specification, IS 4926:2003 (Ready Mixed Concrete-Code of Practice), IS:10262 :2009 concrete Mix Proportioning - Guidelines, વિગેરે કોડ તથા અન્ય માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૯) RMC (રેડી મીક્ષ કોંક્રિટ) અંગેની અગાઉની જોગવાઇઓ રદ ગણવાની રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૧૫/૦૬/૨૦૨૩ ની સચિવશ્રી(મા.મ.) ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.બી.કુકણા)
ઉપસચિવ(મુ.મ.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

— સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગના અંગત મદદનીશશ્રી,
— સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ (રાજય, પંચાયત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ, ગુણવત્તા નિયમન, પાટનગર યોજના, નીતિ અને આયોજન, વિશ્વબેંક) માર્ગ અને મકાન વિભાગ.
— મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર.
— ખાસ ફરજ પરના અધિકારીશ્રી (વિ.યો.), (યંત્રો અને ઓજારો), મા.મ.વિભાગ
— નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
— સર્વે અધીક્ષક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ,
— સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ.
— નિયામકશ્રી, ગેરી વડોદરા,
— સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
— સીલેકટ ફાઇલ સી-૧ શાખા -૨૦૨૩